Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN : 2321- 4708
May 2019, Year - 5 (73)
Paper ID : RRJ000016

# ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિકતા

**સંશોધક**

હસમુખભાઈ જીવાભાઈ વાળા (B.A.,M.A)

મદદનિશ શિક્ષક, ઉગલવાણ પ્રાથમિક શાળા, ઉગલવાણ

---

આપણે ત્યાં જે ઐતિહાસિક નવલકથાઓ લખાઈ છે તેમાં ગુજરાતના ઈતિહાસ પર સર્જકોની દષ્ટિ વિશેષ રહી છે. તેમાંય સોલંકીયુગના સમયને આલેખવાનો પ્રયાસ વધુ થયો છે. ગુજરાતના પ્રાચીન ઈતિહાસમાં સોલંકીકાળ રાજકીય તેમજ સાંસ્કૃતિકક્ષેત્રે સુવર્ણકાળ ગણાય છે. આ સમયને કેન્દ્રમાં રાખીને ઠક્કુર, મુનશી, આચાર્ય, મેઘાણી, ધૂમકેતુ વગેરે સર્જકોએ સોલંકીકાલીન ઈતિહાસનું આલેખન વિશેષ કર્યું છે.

નવલિકા સમ્રાટનું બિરુદ પામેલા ધૂમકેતુ સોલંકીકાળને કેન્દ્રમાં રાખીને સમકાલીન સમયે પરિસ્થિતિ લક્ષમાં રાખીને વધારેમાં વધારે ઈતિહાસને વફાદાર રહીને‘બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ નામની ઐતિહાસિક નવલકથા ઈ.સ. ૧૯૪૫માં ગુજરાતી સાહિત્યને છે ત્યારે ગુજરાતની પરિસ્થિતિનો તથ્ય અને કલ્પનાનો સહયોગ ધીમે ધીમે ઉદય પામતો હોય તેવું લાગે છે.

**કથાવસ્તુ :**

‘બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ’ નવલકથાનો ઉઘાડ રહસ્યાત્મક રીતે અને લાક્ષણિક ઢબે થયો છે. પાટણ નગરીની બહાર સરસ્વતી નદીને સામે કાંઠે, નિર્જન જેવા પ્રદેશમાં એક અવાવરુ જૂના શિવાલય પાસે બે ઘોડેસવારો આવી પહોંચ્યા ત્યારે પાટણ નગરી અંધકારમાં સૂમસામ હતી નગરી શા માટે સુમસામ છે ? અહીં આવનાર આ બે ઘોડે સવારો કોણ છે ? તેઓ શા માટે અહીં આવ્યા છે ? એવા અનેક પ્રશ્નો વિશે આપણા મનમાં જિજ્ઞાસા થાય છે. પરંતુ ધૂમકેતુ આપણને વધારે વખત અંધકારમાં રહેવા દેતા નથી. અહીં આવનાર ઘોડેસવારના સંવાદો દ્વારા આપણે એ વ્યકિતનો પરિચય મેળવી શકીએ છીએ. તેઓમાં એક પરમાર રાજા લક્ષ્મદેવ અને બીજા મંત્રી પંડિત લોલાર્ક છે. તેઓ અવંતીના (માલવાના) છે. દ્વારસમુદ્રના યાદવ રાજકુમારો–વિષ્ણુવર્ધન, વીર બલ્લાલ અને ઉદયાદિત્ય સામે અને કલ્યાણના ચૌલુકય વિક્રમાદિત્યના સાથી તરીકે તેઓ હાર્યા. સૈનિકોમાં લક્ષ્મદેવ હણાયાની બૂમ ઊઠી. માલવીસૈન્ય પાછું ફર્યું, પરંતુ લક્ષ્મદેવના હાથીએ તો એને અરિદળથી કયાંય દૂરના દૂર જંગલમાં મૂકી દીધા હતા. એટલી વારમાં લક્ષ્મદેવની અદ્‌ભુત વીરતા સાથે એની મૃત્યુકથા વણાઈ ચૂકી હતી. લક્ષ્મદેવે કુદરતી હોય તેમ સ્વીકારી લીધી. પણ આ રખડપટ્ટીના સમયમાં લક્ષ્મદેવનું એક અદ્‌ભુત ક્ષત્રિયવીર ‘જગદેવ પરમાર’ તરીકે નામ જામ્યું હતું.

સવાર થતાં તે જ શિવાલય પાસે એક સાંઢણી સવાર આવે છે. સોરઠનો રા'નવઘણ અને સાથે રાણંગ છે. અહીની પરિસ્થિતિ લાભદાયક હોય, મદનપાલ કાંઈક બુદ્ધિ બતાવે તેમ હોય, આંતરદેશનો નરવર્મદેવ આવે તેમ હોય, લાટ સળવળવાની શકયતા હોય, તો પાટણ પર ચડાઈ કરવાની વેતરણમાં હતો. એ હેતુથી તેનો પુત્ર ખેંગાર તો કયારનો પાટણમાં જ હતો. અહી ખર્પરક મદનપાલજીને મહારાજ જયસિંહદેવે હણી નાખ્યા છે તે સમાચાર આપે છે.

રા'નવઘણ,જગદેવ પાટણમાં આવે છે અને મદનપાલજી હણાયા તેનો લાભ ઉઠાવવા પાટણમાં કંઈ ભેદ જન્મે તેવા પ્રયત્ન કરે તે પહેલાં જ રાજમાતા મીનળ ખાનગી મંત્રણાસભા બોલાવે છે, જમાં



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-73-may-2019/RRJ000016

મહાઅમાત્ય, કેશવ, સાંતૂ રા'નવઘણને આમંત્રણ મળ્યાં. મહારાજ કાલે રાજસભા ભરશે જેમાં ન્યાય મળશે તે વાતે સૌ જુદા પડે છે.

રાજસભામાં કુમારશર્મા, આચાર્ય ભાંભુદેવ, નગરપાલ ધનશ્રેષ્ઠિ, સોરઠના રા', લાટના દંડનાયક ત્રિભુવનપાલદેવ, સેનાનાયક કેશવ, કચ્છના દંડનાયક દાદક મહેતાનો મહદેવ, મુંજાલ મહેતા વગેરે આવ્યા છે, રાજસભામા રા'વાતને વળ ચડાવે છે. જ્યારે રાજમાતા મીનળદેવી આદર્શ, શાસ્ત્રમર્યાદા પાળવાને બંધાયેલા છે. કેશવે બર્બરકની પત્ની પિંગલિકાનું ભરતકામ અને મદનપાલજીની પુત્રીનું ભરતકામ કરેલો કાપડનો કટકો બતાવીને મદનપાલ આતતાયી હતા અને રાજાએ એને હણ્યા. એ વાત થતાં રા' રાજસભા છોડી એકદમ ચાલતી જ પકડે છે.

ખર્પરક રા'ને સમાચાર આપે છે કે રાત્રે પાટણમાંથી એક હજાર ઘોડે સવારો બર્બરક ઉપર જવા માટે નિકળવાના છે. એ જાણી રા'ને પાટણ પર ચડાઈ કરવાનું મન થયું. તે ખર્પરકને ચંદ્રચૂડને સમાચાર આપવા માટે મોકલે છે. પરંતુ પાટણમાંથી એક હજાર ઘોડે સવાર લઈ રા'ને જ પાછો પકડવા માટે કેશવ જવાનો હતો જે ખર્પરકને ખબર નહતી . કેશવે રા'ને પકડી ભોંયરામાં કેદ કરે છે.

રાજમાતા, સાંતૂ, મુંજાલ સૌને આ ગમ્યું નહિ. જયદેવસિંહ પાસે બધા જાય છે. જો બાબરા વિશે તે કોઈ માહિતી આપે તો રા' ને છોડવો તેવો નિર્ણય કરે છે.જગદેવ પરમાર જયસિંહદેવને મળવા જાય છે. જગદેવે ઉપાસના દ્વારા જે મેળવ્યું છે તે જગદેવને પણ મેળવવાની ઈચ્છા થાય છે. ચૌદશના દિવસે હિંળાજ ચાચરના આરે જગદેવ મહાકાળી પાસેથી અજિતાસિદ્ધિનું કંકણ મેળવવાનો છે તે જોવા જયસિંહદેવ તેની પાછળ જાય છે. જયસિંહદેવ એકલા ત્યાં જવાના છે તેની જાણ થતાં ત્રિભુવનપાલ પણ તેની પાછળ જાય છે. આ વાતનો ફાયદો ઉઠાવતાં ખર્પરક સોરઠના રા' નવઘણને રાજમહાલય પાસેના ભોંયરામાંથી છોડાવવામાં સફળ થઈ જાય છે.

જયસિંહદેવને ખબર મળતાં તે એકલો જ રા'ની પાછળ જાય છે. એક તળાવ માંથી પસાર થતાં રા'ની નાગવેલ ફસડાઈ પડે છે અને મુંજપુરમાં જ નાગવેલ સાજી ન થાય ત્યાં સુધી રા' ત્યાં રહે તેવું નક્કી થાય છે. મુંજાલ ને ઝાંઝણ મળે છે અને બાબરા વિશે માહિતી જયસિંહદેવને આપે છે. ત્રિભુવનપાલ અને જગદેવ આવે તે પહેલાં જ જયસિંહદેવ બર્બરક સામે યુદ્ધે ચડે છે. બર્બરક પાસે બળ હતું જ્યારે જયદેવસિંહ વીજળીનો ઝપાટો હતો. ત્રિભુવનપાલ, રાજમાતા મીનળદેવી આવે છે. ત્યાં તો વીરવિક્રમની મૂર્તિ સમો, રાજા જયદેવસિંહ દ્વંદ્વ યુધ્ધથી બાર્બરકને જીતે છે અને ‘બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ’નું બિરુદ મેળવે છે.

રા'નવઘણ મુંજપુરથી ભાગી જાય છે પરંતુ હવે મૃત્યુશય્યા પર છે. તેને લીધેલી પ્રતિજ્ઞા ખેંગાર ઉપાડે છે અને સોરઠનો રા' નવઘણ મૃત્યુ પામે છે. ભોંયરાને ભાંગવું, મહીડાને મારવો, પાટણનો દરવાજો તોડવા અને દસોંદીના ગાલ ફાડવા. આમ, ચાર પ્રતિજ્ઞામાંથી એક પ્રતિજ્ઞા ભોંયરાને ભાંગવાની તેને પૂરી કરી હતી. ત્યારે જ વિશુભા અને દેશુભા પાટણના સમાચાર આપે છે. ખેંગાર, રાયઘણ અને દેવુભા પાટણ આવે છે. ખેંગાર પાટણ આવી રાતે મહીડાને મારે છે. પાટણનો દરવાજો તોડે છે અને મદનપાલની હવેલી સળગાવે છે અને જયસિંહદેવ જેને પોતાની મહારાણી બનાવવા માગતા હતા તે દેવડી (સોનલ)ને ઊપાડી જાય છે.

રાજા જયસિંહદેવને વીરવિક્રમ જેવું પરદુ:ખભંજની બનવું છે તે બર્બરક પાસેથી આ સિદ્ધિ મેળવવા માગે છે પરંતુ દેવડીને રા' ખેંગાર ઉપાડી ગયો તેની પાછળ કેશવ જવાબદાર છે તેમ માની તેને માળવા રવાના કરે છે અને સોરઠના યુદ્ધની રણભેરીનો ડિંડિમિકાઘોષ આકાશમાં,કડાકા કરતી વીજળીની માફક, એક છેડેથી બીજેછેડે ગાજી ઊઠે છે એ સાથે નવલકથા અહી સમાપ્ત થાય છે.

ISSN : 2321- 4708
May 2019, Year - 5 (73)
Paper ID : RRJ000016

આમ, ધૂમકેતુએ સોલંકીકાળના સુવર્ણયુગની કથા ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય દ્વારા આલેખવાનો પ્રયત્ન પોતાની કલમના બળે કર્યો છે. 'બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ' નવલકથામાં વાર્તારસ, ઐતિહાસિક વાતાવરણ અને ચરિત્રોને કેન્દ્રમાં રાખીને વિશિષ્ટ અભિગમથી આ નવલકથામાં રજૂ થઈ છે.

## સંદર્ભગ્રંથ

ધૂમકેતુ, અવંતીનાથ જયસિંહ સિદ્ધરાજ
ધીરુભાઈ ઠાકર, અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા
પ્રસાદ બ્રહ્મભટ્ટ,અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ
સં.રમેશ મ. શુકલ, આપણા પ્રતિનિધિ સારસ્વતો